# ચીનના સોશિયલ મીડિયામાં આવેલો ટ્રેન્ડ દુનિયાભરમાં ફેલાશે?

**જેમ જેમ ટેક્નોલોજી વધી છે એમ માણસ એકલો થતો જાય છે અને તેના પરિણામે માણસને સધિયારો આપવા એક નવો બિઝનેસ શરૂ થયો છે, જેને ઈમોશનલ વેલ્યુ કહેવાય છે**




આપણી વચ્ચે આજકાલ એટલી ટેકનોલોજી છે કે આપણી પાસે લોકો સાથે વાત કરવાનો સમય નથી. આપણો સોશિયલ મીડિયાનો સ્ક્રીન ટાઈમ એટલો વધી ગયો છે કે આપણી બાજુમાં બેસેલા માણસ સાથે વાત કરવાનો સમય નથી. આપણી સાવ નજીક બનેલી ઘટનાની જાણકારી આપણે સોશિયલ મીડિયામાં શોધીએ છીએ. જાણે એવું થઈ ગયું છે કે સોશિયલ મીડિયામાં નથી એ બીજે કશે નથી.

આપણી પાસે એકથી વધુ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ છે, આપણી પાસે એકથી વધુ મેસેજિંગ એપ છે, આપણી પાસે એકથી વધુ ડિવાઈસ છે, આપણી પાસે એકથી વધુ ઓટીટી પ્લેટફોર્મ્સ છે, આપણી પાસે જોવા માટે અનેક ચેનલો અને અનેક ઈન્સ્ટા એકાઉન્ટ છે, યૂટ્યૂબના વિડિયો છે - પરંતુ આટલું બધું હોવા છતાં માણસ એકલતા અનુભવે છે.

21મી સદી ટેકનોલોજી લઈને તો આવી છે સાથે સાથે અજંપો, એકલતા, ખાલીપો લઈને આવી છે. એક તરફ માણસ પાસે સમય નથી એટલું કામ છે, એટલી એક્ટિવિટી છે. બીજી તરફ માણસને એકલતા અંદરથી કોરી ખાય છે અને તેના પરિણામે દુનિયામાં એક નવો બિઝનેસ વિકસી રહ્યો છે. એ માણસને ઈમોશનલી સપોર્ટ આપશે. ઈમોશનલ વેલ્યુ નામથી ઓળખાઈ રહેલો આ બિઝનેસ હવે માણસને ઈમોશનલી સપોર્ટ આપવા માટે પેકેજ ઓફર કરશે.

તમે ક્યારેય કલ્પના કરી છે કે લાગણીઓ ખરીદી શકાય? એકાદ સદી પહેલાં તો આવી કોઈએ કલ્પના પણ નહોતી કરી કે પૈસા આપીને આપણે લાગણી ખરીદી શકીશું. આપણાં દાદાદાદીના સમયમાં જો કોઈ આવી વાત કરત તો એને પાગલપન કહેવાતું હોત પણ આપણા સમયમાં આ ન્યૂ નોર્મલ કહેવાશે. તમને જાણીને નવાઈ લાગશે પરંતુ આવો બિઝનેસ હવે અબજો રૂપિયાએ પહોંચી જવાનો છે. ચીનમાં એની શરૂઆત થઈ ગઈ છે અને હવે દુનિયાભરમાં ફેલાવો વધવાનો છે.

ચીનનું સોશિયલ મીડિયા આજકાલ ઈમોશનલ વેલ્યુની જાહેરાતોથી ઉભરાઈ રહ્યું છે. એકલતા વધી રહી છે અને યુવા જનરેશનમાં ભવિષ્યની ચિંતાને લઈને ડિપ્રેશનનું પ્રમાણ પણ વધ્યું છે. તેની સામે ઈનોશનલ વેલ્યુ યાને હસાવવાથી લઈને ગિફ્ટ આપીને ખુશ કરવા સુધીનું ખુશહાલીનું માર્કેટ વધી રહ્યું છે. એક અંદાજ પ્રમાણે ચીનમાં આ પ્રકારનો બિઝનેસ 350 અબજ ડોલરે પહોંચી ગયો છે.

**ટેક-ટોક**

**★ આનંદ ગાંધી**

ચીનની યુવા પેઢીમાં ભવિષ્યને લઈને ચિંતા છે. નવી જનરેશન એંક્ઝાઈટીમાં જીવે છે. ભવિષ્યની ચિંતામાં દિવસો કાઢે છે. તેની સામે અમુક યુવાનો ખુશહાલીનો બિઝનેસ કરી રહ્યા છે. લૂ ઝાઓયૂ નામનો એક યુવાન ચીનના વિખ્યાત પહાડ માઉન્ડ તાઈના અવરોહણમાં મદદ કરે છે. તે અન્ય પ્રવાસીઓને આ પહાડ ચડવાનું પેકેજ ઓફર કરે છે પરંતુ આ માત્ર પહાડ ચડવા પૂરતું પેકેજ નથી. તે રસ્તામાં પ્રવાસીને હસાવે છે. તેને ઈમોશનલી સપોર્ટ આપે છે. ગિફ્ટ્સ આપે છે. તેને તાજાં ફળો આપે છે. ગમતી વાતો કરે છે. આ માટે તે 100 ડોલર એટલે અંદાજે 9 થી 10 હજાર રૂપિયા જેટલો ચાર્જ વસૂલે છે અને લોકો આટલો ખર્ચ કરીને હોંશે હોંશે તેની સાથે જાય છે.

30 વર્ષનો એ લાંગ નામનો યુવાન જુદા જુદા કલાકારોનો પોશાક પહેરીને મધ્ય ચીનમાં લોકોને હસાવવાનું કામ કરે છે. તે માત્ર હસાવતો નથી પરંતુ સંપૂર્ણ ઈમોશનલ એક્સપિરિયન્સ આપે છે. એનો દિવસનો ચાર્જ 80થી 120 ડોલર છે. લી ઝાહોંગ નામનો યુવાન ડિપ્રેશનમાં કે બ્રેકઅપ વખતે કે પછી નોકરીની અસ્થિરતા વચ્ચે અથવા તો કોઈક પારિવારિક સમસ્યા હોય ત્યારે દોસ્તની જેમ સાથ આપે છે. ફોનમાં વાતો કરે છે. સલાહ પણ આપે છે. ગિફ્ટ આપે છે ફિલ્મ જોવા સાથે જાય છે અને ફરવા પણ જાય છે. તે એક દિવસ સાથે રહેવાના 50 ડોલર એટલે કે અંદાજે 4000થી 5000 રૂપિયા વસૂલે છે.

ચીનના સોશિયલ મીડિયામાં આવા યુવાનો પ્રમોશન્સ કરી રહ્યા છે.

ચીનના સોશિયલ મીડિયામાં અચાનક આવા પ્રકારની જાહેરાતોનું પ્રમાણ વધી ગયું છે. એક અંદાજ પ્રમાણે ચીનમાં ફીલ-ગુડ અથવા જેને ઈમોશનલ વેલ્યુ કહેવાય છે તેનું માર્કેટ 350થી 400 અબજ ડોલરને પાર પહોંચી ગયું છે.

દુનિયાભરમાં હવે ઈમોશન આધારિત સર્વિસ આપવાનું શરૂ થયું છે. તમે પૈસા ઢીલા કરો તો તમે લાગણી પણ ખરીદી શકો છો. આ બિઝનેસ ધીમે ધીમે વિકસીને અબજો ડોલરે પહોંચવાનો છે.

## અપને સાયે સે ચૌંક જાતે હૈં
## ઉમ્ર ગુઝરી હૈ ઈસ ક઼દર તન્હા

**- ગુલઝાર**

પોતાના પડછાયાથી પણ ચોંકી જઈએ છીએ, જિંદગી વીતી છે એ રીતે એકાંતમાં. પોતાના પડછાયાથી પણ ડરી જવાય, એ પ્રકારે જિંદગી એકાંતમાં વીતી છે. એકલા રહેતા લોકો માટે ઘણી વાર પોતાનો પડછાયો પણ ડરાવી દે. કોઈ વાર એકાંતમાં રહેતાં માણસને એકલપણું પણ ડરાવી નાંખે છે તો આખી જિંદગી એકાંતમાં વીતી હોય તે કેટકેટલી વાર પોતાના છાયાથી પણ ડર્યો હશે? એકાંત પણ ઘણી વાર માણસને ભરખી જતું હોય છે. એકાંતમાં સમય કાઢવો પણ મુશ્કેલ હોય છે. કેટલીક વખત થોડા સમય માટે એકાંત સારું લાગે છે પરંતુ લાંબો સમય એકાંતમાં રહેનારા માટે પોતાના પડછાયાથી પણ ડર લાગે. એવું નથી એકલો રહેતો માણસ જ એકાંતનો અનુભવ કરે. ઘણી વાર તમારી આસપાસ લોકોની ભીડ હોય તો પણ તમને કોઈ સાચો મિત્ર કે પ્રિયજન નહીં મળે તો એકાંત લાગે. ટોળા વચ્ચે પણ તમને એકાંતનો અનુભવ થાય. ભીડ વચ્ચે પણ તમે જાણે એકલા છો તેવો અહેસાસ થાય. લોકોની વચ્ચે પણ તમે એકાંતનો અનુભવ કરો ત્યારે તમારી સ્થિતિ આવી જ હોય. પોતાના પડછાયાથી પણ ડરી જવાય. કોઈ સાથી, કોઈ મિત્ર કે કોઈ પ્રિયજન વગરની જિંદગી પણ આવા એકાંતનો અનુભવ કરાવે. આખી જિંદગી તમને કોઈ પોતાનું નહીં હોય તેવો અહેસાસ થાય ત્યારે બધા વચ્ચે પણ તમે એકાંતનો અનુભવ કરો છો. ઘણી વાર એવું બને કે તમે જેને સૌથી પ્રિય ગણતા હો, તમે જેને સૌથી વધુ પ્રેમ કરતા હો, તમારા હૃદયની સૌથી નજીક જે વ્યક્તિ હોય તે જયારે તમારાથી દૂર થાય ત્યારે પણ એકલા થઈ ગયાનો અહેસાસ થાય. પ્રિયજન નજીક હોય પરંતુ તેનો વર્તાવ જો પ્રેમાળ નહીં હોય તો પણ પ્રિયજનની સાથે તમને એકાંતનો અનુભવ થાય. જિંદગી ઘણી વાર આવા એકાંતથી માણસને ડરાવી નાંખે છે.

**કેફિયત**

**★ હનીફ મહેરી**

